# આકાશવાણી-ભુજ

## સમાચારવાચક : વિરલ રાણા

### કોમ્પ્યુટરાઈઝડ : સુચિતા ટાંક

**તારીખ- ૨૭-૦૪-૨૦૨૪ સમય-સાંજે-૬.૨૫**

---

## ગુજરાત લોકસભા ચુંટણી –પ્રચારસભા :

ભાજપના વરિષ્ઠ નેતા અમિત શાહે વિશ્વાસ વ્યક્ત કર્યો છે કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના ત્રીજા કાર્યકાળ દરમિયાન ભારત વિશ્વની ટોચની ત્રણ અર્થવ્યવસ્થાઓમાં સામેલ થશે.આજે ગુજરાતના પોરબંદરમાં એક જાહેર રેલીને સંબોધતા શ્રી શાહે કલમ 370 નાબૂદ કરવા,રામ મંદિરનું નિર્માણ,આતંકવાદ અને નક્સલવાદના ખતરાનો સફળ સામનો કરવા અને શાંતિ લાવવા જેવા ઐતિહાસિક નિર્ણયો માટે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને શ્રેય આપ્યો હતો.શ્રી શાહે કોંગ્રેસ પક્ષની તેની ધ્રુવીકરણ નીતિઓ અને વોટ બેંકની રાજનીતિ માટે ટીકા કરી હતી.તેમણે દેશમાં હાલના યાત્રા સ્થળોને પુનઃ જીવિત કરવા બદલ નરેન્દ્ર મોદીની પ્રશંસા કરી.

બીજી તરફ, કોંગ્રેસના મહાસચિવ પ્રિયંકા ગાંધી વાડ્રાએ આજે વલસાડ જિલ્લાના ધરમપુરમાં એક રેલીને સંબોધિત કરી હતી,જ્યાં તેમણે છેલ્લા 10 વર્ષથી ગરીબ અને આદિવાસી લોકો પ્રત્યેના અન્યાય માટે ભાજપ સરકારની ટીકા કરી હતી.તેમણે દેશમાં 30 લાખ બેરોજગાર યુવાનોને રોજગાર આપવા અને ગ્રામીણ વિસ્તારોમાં મનરેગાની જેમ શહેરી વિસ્તારોમાં 100 દિવસની ગેરંટીવાળી રોજગારી સુનિશ્ચિત કરવાનું પણ વચન આપ્યું હતું. તેમણે મોંઘવારી અને બેરોજગારી જેવા જટિલ મુદ્દાઓ પર પણ શાસક પક્ષ પર પ્રહારો કર્યા.

**RNU અમદાવાદ**

---

## કચ્છ-મતદાન જાગૃતિ પ્રવૃતિઓ :

લોકસભા ચૂંટણી ૨૦૨૪ અંતર્ગત જિલ્લામાં મતદાન જાગૃતિ બાબતે વિવિધ પ્રવૃત્તિઓ જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર અમિત અરોરા અને નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી મેહુલ દેસાઈના માર્ગદર્શન હેઠળ થઈ રહી છે.ત્યારે ચૂંટણી પંચ દ્વારા આપવામાં આવેલા ૧૫ દિવસીય મતદાન જાગૃતિ કાર્યક્રમ અન્વયે સમગ્ર જિલ્લામાં સેલ્ફી કેમ્પેનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

જિલ્લામાં સેલ્ફી કેમ્પેનના કાર્યક્રમ હેઠળ વિશેષ રૂપે ફર્સ્ટ ટાઈમ વોટર તેમજ યુવા વોટરોમાં મતદાન જાગૃતિ માટે વિશેષ પ્રયાસ કરવામાં આવ્યો હતો. જિલ્લા ચૂંટણી તંત્ર તૈયાર કરવામાં આવેલા વિશેષ સેલ્ફી પોઇન્ટ કે જે દરેક વિધાનસભા વિસ્તારોમાં મુકવામાં આવ્યા છે.ત્યાં મોટા પ્રમાણમાં યુવાનોએ સેલ્ફી પડાવીને મતદાન માટેની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.સમગ્ર અભિયાનમાં 3000 કરતાં વધુ યુવા મતદારો જોડાયા હતા.

**માહિતી ખાતું**

---

## રેલ્વે મંત્રી-ગાંધીધામ સંવાદ :

કોગ્રેસના કાર્યકાળનાં 60 વર્ષમાં દેશ દરેક ક્ષેત્રે પાછળ ધકેલાઈ ગયો હતો.જ્યારે છેલ્લા દસ વર્ષમાં રેલવે સહિતનાં બધાજ ક્ષેત્રોમાં દેશે ઝડપી પ્રગતિ સાધી છે. રેલવેમંત્રી અશ્વિની વૈષ્ણવે ગઈકાલે ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સ આયોજિત સંવાદ કાર્યક્રમમાં બોલતાં આ પ્રમાણે જણાવ્યું હતું.તેમની સમક્ષ કચ્છનાં રેલવેનાં પ્રશ્નો રજૂ કરતાં તેમણે હલ કરવાની હૈયાધારણ આપી હતી.

ચંદ્રવદન પટ્ટણી

------------------------------------------------------------------------------------------------

## હાજીપીર-ત્રી દિવસીય મેળો :

કચ્છની રણકાંધીએ આવેલા સોઢ્રાણાના શહેનશાહ કોમી એકતાના પ્રતિક હાજીપીરવલ્લીનો આજથી ત્રિદિવસીય મેળાનો પ્રારંભ થયો છે.રાજ્ય તેમજ અન્ય વિસ્તારોમાંથી પદયાત્રીઓ તેમજ વાહનો મારફતે મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ હાજીપીર દરગાહે પહોંચી રહ્યા છે.આજે પ્રથમ દિવસે મોટી સંખ્યામાં લોકોએ હાજીપીરવલ્લીની દરગાહે માથું ટેકવ્યું હતું.મેળામાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે.

NP-વિરલ રાણા

------------------------------------------------------------------------------------------------

## કચ્છી અજરખને જીઆઈ ટેગ :

`કચ્છી અજરખ'ને જીઆઈ ટેગ એટલે કે,ભૌગોલિક સ્થાનાંકનની માન્યતા મળી છે.આ સમાચાર ફેલાતાંની સાથે જ અજરખના કચ્છી કસબીઓમાં આનંદની લાગણી ફેલાઈ છે.કચ્છી કસબીઓના છેલ્લા એક દાયકાના પ્રયાસોના પડઘારૂપે જીઆઈ ટેગની માન્યતા મેળવનાર પાંચ હજાર વર્ષ જૂની અજરખ કલાને પેઢીઓથી ટેરવે ટકાવી બેઠેલા કસબીઓને બૌદ્ધિક સંપદા અધિકાર દિવસના અવસરે સન્માનિત કરાયા હતા.

NP-વિરલ રાણા

------------------------------------------------------------------------------------------------

## મતદાન જાગૃતિલક્ષી કાર્યક્રમ :

લોકસભા ચૂંટણી અંતર્ગત કચ્છના લોકોમાં મતદાન જાગૃતિ લાવવા સ્વીપ એક્ટિવિટી અંર્તગત જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર અમિત અરોરાના માર્ગદર્શન હેઠળ જાગૃતિલક્ષી કાર્યક્રમોનું આયોજન થઇ રહ્યું છે.તેના ભાગરૂપે  કચ્છી ગીત "આઉં ભારત ઐયાં" લોન્ચ કરીને તેનો વ્યાપક પ્રચાર-પ્રસાર કરવા અનુરોધ કરાયો હતો.કચ્છની ખ્યાતનામ કળા એવી રોગાન આર્ટના આર્ટીસ્ટ અને પદ્મશ્રી અબ્દુલ ગફુર ખત્રી દ્વારા મતદાનની અપીલ કરાઈ હતી.

**માહિતી ખાતું**

------------------------------------------------------------------------------------

## <u>હવામાન :</u>

ગુજરાતમાં ફરી એકવાર ગરમીનો પારો વધી શકે છે.આગામી ચાર દિવસમાં વિવિધ જિલ્લાઓમાં લૂની સ્થિતિ રહેશે.હવામાન વિભાગ અનુસાર આગામી ચાર દિવસમાં રાજ્યના મોટાભાગના જિલ્લાઓમાં હવામાન સૂકું રહેશે.જેને કારણે ગરમીનો પારો સતત ઉપર જઈ રહ્યો છે.દરમ્યાન વાતાવરણીય બદલાવના પગલે કચ્છ જીલ્લામાં છુટોછવાયો વરસાદ થવાની સંભાવના હવામાન વિભાગે વ્યક્ત કરી છે.

**NP-વિરલ રાણા**

------------------------------------------------------------------------------------